# <u>પ્રેસનોટ</u>

## <u>હજ ૨૦૨૭</u>

## હજ-૨૦૨૭ માટે અરજી સબમિટ કરવા, કુર્રાહ અને રકમ ભરવા બાબત

ગુજરાત રાજ્ય હજ સમિતિના સચિવશ્રી આઈ. એમ. ઘાંચી એક અખબારી યાદીમાં જણાવે છે કે, હજ કમિટી ઓફ ઈન્ડિયા (મુંબઈ) દ્વારા હજ-૨૦૨૭ (૧૪૪૮ હિજરી) ના અરજદારો માટે ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.

અરજદારોની સુવિધા માટે મહત્વપૂર્ણ તારીખો અને માહિતી નીચે મુજબ છે:

- **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ:** પાસપોર્ટ મેળવવામાં થતા વિલંબ અને વિવિધ રજૂઆતોને ધ્યાને રાખીને, હવે ઓનલાઈન હજ અરજીઓ **<u>તા. ૨૪-૦૭-૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી</u>** ભરી શકાશે. આ બાદ કોઈ પણ સંજોગોમાં મુદત વધારો કરવામાં આવશે નહીં.
- **ડિજિટલ કુર્રાહ (Digital Random Selection):** પસંદગી માટેની ઓનલાઈન કુર્રાહ પ્રક્રિયા **<u>તા. ૩૦-૦૭-૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી</u>** હજ હાઉસ, મુંબઈ ખાતે યોજાશે, જેનું લાઈવ પ્રસારણ હજ કમિટીની અધિકૃત વેબસાઈટ પર જોઈ શકાશે.
- **પરિણામ અને માહિતી:** પસંદગી યાદી તથા વેટિંગ લિસ્ટ વેબસાઈટ પર મૂકવામાં આવશે અને અરજદારોને SMS દ્વારા પણ જાણ કરાશે.
- **એડવાન્સ રકમ જમા કરાવવી:** <u>પસંદગી પામેલ અરજદારોએ એડવાન્સ હજ રકમ **₹૧,૫૨,૩૦૦/-** તા. **૧૦-૦૮-૨૦૨૬**</u> સુધીમાં જમા કરાવવાની રહેશે.

હજ યાત્રા કરવા ઈચ્છુક તમામ ઉમેદવારોને અંતિમ તારીખની રાહ જોયા વગર વહેલી તકે અરજી પૂર્ણ કરવા અનુરોધ છે. વધુ માહિતી તથા પરિપત્રો માટે નીચેની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવી:

https://www.hajcommittee.gov.in | https://haj.gujarat.gov.in | https://www.gujarathajhouse.in

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૨૭-૨૦૦૭-હ.સ.
ગુજરાત રાજ્ય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
૨૦-૦૭-૨૦૨૬

(મો. તલ્હા એમ. સૈયદ)
સેકશન અધિકારી,
ગુજરાત રાજ્ય હજ સમિતિ

નકલ રવાના -

- ગુજરાત રાજ્ય હજ કમીટીની વેબસાઈટ દ્વારા.
- તમામ ઈલેક્ટ્રોનીક મીડીયા, સોશ્યલ મીડીયા.
- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ.